ગાંધીનગર સમાચાર



## કયા વૉર્ડમાં કઈ બેઠક અનામત અને કઈ બિનઅનામત

| વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૩૦૮૯ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨૮૦૧૩ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૩ | ૨૪૨૯૯ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૪ | ૨૮૨૧૨ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૫ | ૨૫૦૧૭ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૬ | ૨૨૮૬૫ | અનુસૂચિત જાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૨૫૯૯૭ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૮ | ૨૫૨૮૭ | અનુસૂચિત જાતિ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |

# જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન પદે અરવિંદસિંહ સોલંકી

### સામાજિક ન્યાય સમિતિમાં એલ.એન. પરમાર ચેરમેન પદે વરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે શ્રી અરવિંદસિંહ સોલંકી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે શ્રી એલ.એન. પરમાર સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા છે.



આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત સમિતિઓ પૈકી બે સમિતિઓની પ્રથમ બેઠકો મળી હતી. જેમાં ચેરમેનની નિયુક્તીની એકમાત્ર કામગીરી કરવામાં આવી હતી.

કારોબારી સમિતિની બેઠક બપોરે ૩ વાગે નાથુજી મકવાણાના કાર્યકારી અધ્યક્ષપદે મળી હતી. જેમાં જગતસિંહ ઠાકોરે શ્રી અરવિંદસિંહના નામની દરખાસ્ત રજુ કરી હતી જેને શ્રીમતિ મંગુબેન ચૌધરીએ ટેકો આપ્યો હતો. સર્વાનુમતે આ દરખાસ્તનો સ્વીકાર થતાં શ્રી અરવિંદસિંહ સોલંકીને ચેરમેન તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા.

૪ વાગે સામાજિક ન્યાય સમિતિની બેઠક મળી હતી. જેમાં શ્રી એલ.એન. પરમારની સર્વાનુમતે નિયુક્તી કરવામાં આવી હતી.

બન્ને નિયુક્ત થયેલા ચેરમેનોને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, પૂર્વ પ્રમુખ શ્રી જશુભા રાણા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી, નિરીક્ષક શ્રી બળદેવ લુણી તથા પંચાયતના સભ્યોએ અભિનંદન આપ્યા હતા અને નવી જવાબદારી માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી સોલંકી અને શ્રી પરમાર હવે સોમવારે વિધિવત રીતે પોતાનો નવો કાર્યભાર સંભાળશે તેમ જાણવા મળ્યુ છે. બીજી સમિતિઓની રચના પણ હવે પછી એકાદ સપ્તાહ બાદ હાથ ધરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.






(તસવીર : કશ્યપ નિમાવત)

ઘેર બેઠા જ્ઞાનગંગા - રામકૃષ્ણ પરમહંસની જન્મજયંતિ પર્વે સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસના પુસ્તકો - હરતા ફરતા પુસ્તકાલયમાં ભાવકો માટે જ્ઞાનગંગા સમાજ બન્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને આદર્શ જીવનના વિવિધ વિષયો પર લખાયેલા પુસ્તકો આજે પણ એટલું જ આકર્ષણ ધરાવે છે... જીવન દર્શનની સાચી દિશા અને દૃષ્ટિ આપવાનું કામ કરતા પુસ્તકોનું ફરતું પુસ્તકાલય પ્રસંશનીય છે અને આવકારદાય દાયક અભિગમ છે... રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિને સૌ ભારતીયોએ ઉમળકાભેર બિરદાવવી જોઈએ....

## કલ્ચરલ ફોરમ દ્વારા ૨૦-૨૧ ફેબ્રુઆરી દરમિયાન શિશિરોત્સવ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના કલાપ્રિય નાગરિકોને અવિસ્મરણીય અનુભૂતિ કરાવવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા તારીખ ૨૦-૨૧, ફેબ્રુઆરી, ૨૦૧૬ને શનિ-રવિ દરમિયાન સંગીતમય 'શિશિરોત્સવ'નું આયોજન કરાયું છે. ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ (ચ-૦) ની હરિયાળી લોનમાં સાંજે ૭ થી ૧૦ દરમિયાન 'શિશિરોત્સવ' ઉજવાશે.

શિશિરોત્સવના શુભારંભે; તારીખ ૨૦ ફેબ્રુઆરીને શનિવારે સાંજે મુંબઈના જગમશહૂર ભારતીય વિદ્યાભવનના કલાકારો દ્વારા ગ્રાન્ડ સિમ્ફની શૉ 'રાગ રંગ ગીત સંગ' રજૂ કરાશે. ભારતના ફાસ્ટેસ્ટ પિયાનિસ્ટ શ્રી દીપક શાહ ઉપરાંત ૨૩ જેટલા ચુનંદા કલાકારો - ગાયકોનો કાફલો ગીત-સંગીતની અવિસ્મરણીય અનુભૂતિ કરાવશે.

શિશિરોત્સવના બીજા દિવસે; તારીખ ૨૧ ફેબ્રુઆરીને રવિવારે સાંજે ૭.૦૦ કલાકે હિન્દી ફિલ્મ 'રામલીલા' ના ટાઈટલ ગીતથી સંગીતપ્રેમીઓના હૃદયમાં આગવું સ્થાન ઉભું કરનાર ગુજરાતી ગાયિકા ભૂમિ ત્રિવેદી અને ગ્રુપ પોતાના ગીત-સંગીતથી ગાંધીનગરની સાંજ શોભાવશે. ભૂમિ ત્રિવેદી સાથે ગુજરાતના ટોચના ખ્યાતનામ ગાયકો અને સંગીતકારો પણ પ્રસ્તુત થશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે શિશિરની આગામી બે સૌમ્ય અને શીતળ સાંજ સંગીતમય-મસ્તીમય બની રહેશે.

# મનપાનું બજેટ બહુમતિથી પસાર

### વિવિધ મુદ્દે કોંગ્રેસે કાગારોળ મચાવી : શિક્ષણ પાછળ રકમ નહિ ફાળવવાની ગ્રામ્ય વિસ્તાર માટે ૧૦ કરોડની ખાસ ફાળવણી કરવા ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર સામાન્ય સભાએ ૧૭-૧૪ મતે પસાર કર્યુ હતુ.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષે વિરોધ કરી શિક્ષણ પાછળ રકમ નહિ ફાળવવાની, કાઉન્સીલરોની ગ્રાન્ટનો વપરાશ નહિ કરવામાં આવ્યો હોવાની, ગ્રામ્ય વિસ્તાર માટે ઓછામાં ઓછા ૧૦ કરોડ ફાળવવાની તેમજ મનપાને વધુ સત્તા મળવી જોઈએ તે માટે કરાયેલા પ્રયાસો, ડી.પી.આર. વિવિધ પ્રોજેક્ટના ક્યારે બતાવીશુ, શહેરમાં વધતી જતી બેરોજગારી અને ગુનાખોરી માટે ચિંતાની લાગણી ઉભી કરી રહી છે તેવા આક્ષેપો કર્યા હતા.

ભાજપના શ્રી આશિષ દવેએ શહેરના સર્વાંગી વિકાસ માટે સરકારના દૃષ્ટિબિંદુ સાથે કદમથી કદમ મિલાવી વેરાના ભારણ રહિતનું અંદાજપત્ર રજુ કરવા માટે સત્તાધારી પક્ષને અભિનંદન આપ્યા હતા અને વિપક્ષના આક્ષેપોને ફગાવી દીધા હતા.

૧૦ મિનિટથી વધુ સમય ચાલેલી ચર્ચામાં વિપક્ષી નેતા શ્રી શૈલેન્દ્રસિહ બિહોલાએ જણાવ્યું હતું કે શિક્ષણની કોઈ ચિંતા બજેટમાં કરાઈ નથી. કાઉન્સીલરોની ગ્રાન્ટના નાણાં પણ વપરાયા નથી. તેમણે સોલાર લાઈટ અને પેવર બ્લોકના કામો ક્યારે હાથ ધરાશે તે અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે ડી.પી.આર. વિના જ પ્રોજેક્ટો દર્શાવાયા હોવાનું જણાવી શહેરમાં વધતી જતી ગુનાખોરી અને બેરોજગારી માટે ચિંતા કરવાનો સમય આવી પહોંચ્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે કરેલા સૂચનો અંગે સત્તાધારી પક્ષનું વલણ સ્પષ્ટ કરવા તેમણે આગ્રહ કર્યો હતો.

કોંગીના શ્રી હસમુખ મકવાણાએ ગ્રામ્ય વિસ્તારનો વિકાસ નહિ થતો હોવાની ફરિયાદ કરી જણાવ્યુ હતુ કે આ ગામોના વિકાસ માટે ઓછામાં ઓછા રૂ. ૧૦ કરોડ ફાળવવા જોઈએ.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે શિક્ષણ માટે પણ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તેમણે બાકી રહેલા કામો આગામી દિવસોમાં પુરા થઈ જશે તેવી ખાત્રી આપી હતી તેમજ પ્રવિણ પટેલે કરેલા સૂચનો અંગે તંત્ર અભ્યાસ કરી રહ્યુ છે. આ પછી તમને જણાવી શકીશ.

કોંગીના શ્રી અશોક શ્રીમાળીએ સે. ૧૬ના રંગમંચમાં ટોઈલેટની પુરતી વ્યવસ્થા નહિ હોવાનું જણાવી અને કયા પ્રકારનું રિનોવેશન કરવામાં આવી રહ્યું છે. તે સમજાતુ નહિ હોવાનું જણાવ્યુ

● અનુસંધાન પાન-૭ પર




# સમગ્ર દેશમાં ગુજરાત રોજગારી આપવામાં પ્રથમ ક્રમે આવ્યુ

ગાંધીનગર, તા. ૧૮

દેશમાં રોજગારી આપવામાં ગુજરાત રાજ્ય ૮૬ ટકા સાથે પ્રથમ સ્થાને આવ્યુ છે.

આ અંગેની વિગતો આપતા રાજ્યના શ્રમ અને રોજગારીમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના રોજગાર અને તાલીમ મહાનિયામક દ્વારા એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જીસ સ્ટેટેસ્ટીક્સ-૨૦૧૫ના બહાર પાડવામાં આંકડા અનુસાર ગુજરાત રોજગારી પુરી પાડવામાં દેશમાં પ્રથમ ક્રમાંકે છે. ૨૦૧૪ના વર્ષ માટે પ્રસિદ્ધ થયેલ આંકડા અનુસાર સમગ્ર દેશના રાજ્યો દ્વારા ૩,૩૮,૫૦૦ યુવાનોને રોજગારી સામે ગુજરાતે ૨,૯૦,૮૦૦ યુવાનોને એટલે કે ૮૬ ટકા રોજગારી પુરી પાડેલ છે.

તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩ કે જેના માટે આંકડા પ્રસિદ્ધ થયેલ છે. તે મુજબ સમગ્ર ભારતમાં ૩૧,૭૭૦ અનુસૂચિત જાતિના ઉમેદવારોને પુરી પાડવામાં આવેલ રોજગારી સામે ગુજરાત દ્વારા ૧૮,૮૫૦ અનુસૂચિત જાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડેલ છે.

આ ઉપરાંત દેશમાં ૬૦,૭૯૬ મહિલા ઉમેદવારોને પુરી પાડવામાં આવેલ રોજગારી સામે ગુજરાત દ્વારા ૪૮,૭૬૯ એટલે કે ૮૦ ટકા મહિલા ઉમેદવારોને રોજગારી પુરી પાડી ગુજરાત પ્રથમ ક્રમાંકે રહેલ છે.

ભારતમાં ૨૧,૦૬૦ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પુરી પાડવામાં આવેલ રોજગારી સામે ગુજરાત દ્વારા ૧૮,૮૪૦ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડેલ છે.

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com